સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો, ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો ! મારું જીવન અંજલિ થાજો !

## રાજ્યમાં વધુ ૧૩૧૦૫ નવા કેસ : ગાંધીનગરમાં ૨૭૬ : અમદાવાદમાં ૫૧૪૨

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૪૨ | ૨૩ એપ્રિલ, ૨૦૨૧, શુક્રવાર; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# વિશ્વ વિક્રમ : દેશમાં દૈનિક ૩.૧૬ લાખ કેસ

### ભારતે અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડ્યા : ૨૪ કલાકમાં દેશમાં કોરોનાથી ૨,૧૦૧ લોકોનાં મોત થયા હતા, કોરોનાને પગલે દેશમાં અત્યાર સુધી ૧ લાખ ૮૪ હજાર ૬૭૨ લોકોએ જીવ ગુમાવ્યો

નવી દિલ્હી,તા.૨૨

દેશમાં કોરોનાથી હાલત ખરાબ થઈ રહી છે. કોરોના વાયરસ દરરોજ નવાં નવાં રેકોર્ડ તોડી રહ્યો છે. બુધવારે દેશમાં ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના નવા ૩ લાખ ૧૫ હજાર ૪૭૮ કેસ નોંધાયા છે. કોરોનાની શરૂઆત બાદ એક દિવસમાં નોંધાયેલા વિશ્વમાં આ સૌથી વધારે કેસ છે. આ પહેલા એક દિવસમાં સૌથી વધારે સંક્રમિતનો રેકોર્ડ અમેરિકાના નામે હતો. અમેરિકામાં આઠમી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ૩,૦૭,૫૭૦ સંક્રમિત મળ્યા હતા. હવે આ મામલે ભારત સૌથી આગળ નીકળી ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાથી ૨,૧૦૧ લોકોનાં મોત થયા હતા. બુધવારે રેકોર્ડ ૧ લખા ૭૯ હજાર ૩૭૨ લોકો સાજા પણ થયા છે. કોરોનાને પગલે દેશમાં અત્યારસુધી ૧ લાખ ૮૪ હજાર ૬૭૨ લોકોએ જીવ ગુમાવ્યો છે. અત્યારસુધી કોરોનાથી કુલ સંક્રમિત સંખ્યા વધીને ૧ કરોડ ૫૯ લાખ ૨૪ હજાર ૭૩૨ થઈ છે. દેશમાં હાલ ૨૪ લાખ ૮૪ હજાર ૨૦૯ દર્દીની સારવાર ચાલી રહી છે. આ સંખ્યા કુલ સંક્રમિતના ૧૪.૩ ટકા છે. મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ સહિત દેશના ૧૧ રાજ્યમાં હાલત બેકાબૂ બની રહી છે. આ રાજ્યમાં રેકોર્ડ કેસ નોંધાઈ રહ્યા છે. છેલ્લા ૨૪ ઉત્તર પ્રદેશમાં ૨૯,૫૭૪, દિલ્હીમાં ૨૮,૩૯૫, કેરળમાં ૧૯,૫૭૭, કર્ણાટકમાં ૨૧,૭૯૪, છત્તીસગઢમાં ૧૫,૬૨૫, રાજસ્થાનમાં ૧૨,૨૦૧, મધ્ય પ્રદેશમાં ૧૨,૭૨૭, ગુજરાતમાં ૧૨,૨૦૬, તામિલનાડુમાં ૧૦,૯૮૬, બિહારમાં ૧૦,૪૫૫ લોકો કોરોના સંક્રમિત થાય છે. કોરોના સંક્રમિત લોકોનો સ્વાસ્થ્ય રેટ ઘટીને ૮૪.૫ ટકા થયો છે. આંકડાઓ પ્રમાણે આ બીમારીથી સાજા થનાર લોકોની સંખ્યા વધીને ૧,૩૪,૪૭,૦૪૦ થઈ છે. રાષ્ટ્રીય સ્તરે કોરોનાથી મૃત્યુદર ઘટીને ૧.૨૦ ટકા થયો છે, પરંતુ મહારાષ્ટ્રમાં તે ૧.૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૧.૬ ટકા છે. રાજ્યમાં કોરોના વાયસના વેક્સીનેશનની વચ્ચે કોરોનાના કેસ બેકાબૂ બની રહ્યા છે. રાજ્યમાં આજે વિક્રમજનક ૧૨,૫૫૩ નવા કેસ નોંધાયા છે, જ્યારે કુલ ૪,૮૦૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ગયા છે. બુધવારે અમદાવાદ જિલ્લામાં વિક્રમજનક ૪,૯૦૬ કેસ નોંધાયા છે. જે પૈકીના ૪,૮૨૧ કેસ અમદાવાદ શહેરના છે. રાજ્યમાં ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૨૫ મોત થયા છે. હાલમાં રાજ્યમાં કુલ ૮૪,૧૨૬ એક્ટિવ કેસ છે. આ પૈકીના કુલ ૩૬૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે, જ્યારે ૮૩,૭૬૫ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં કુલ ૩,૫૦,૮૬૫ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે, જ્યારે કુલ ૫,૭૪૦ દર્દીનાં મૃત્યુ થયા છે.

## કોવિડ-૧૯ના સામના માટે કેન્દ્ર પાસે કોઈ પ્લાન છેઃ સુપ્રીમ કોર્ટ

**ઓક્સિજન, દવાનો સપ્લાય, વેક્સિન આપવાની પ્રક્રિયા, પદ્ધતિ-લોકડાઉનનો અધિકાર મુદ્દે કોર્ટે નેશનલ પ્લાન માગ્યો**

નવી દિલ્હી, તા. ૨૨

કોરોનાના વધી રહેલા ગ્રાફ અને હોસ્પિટલોમાં ઓક્સિજનની સાથે સાથે દવાઓની તંગીને લઈ સુપ્રીમ કોર્ટે આકરૂ વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુરૂવારે સ્વતઃ સંજ્ઞાન લઈને કેન્દ્ર સરકારને નોટિસ મોકલી હતી.

કોર્ટે કેન્દ્રને શું તેમના પાસે કોવિડ-૧૯નો સામનો કરવા માટે કોઈ એક્શન પ્લાન છે તેવો સવાલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસેથી ૪ મહત્વના મુદ્દે નેશનલ પ્લાન માંગ્યો હતો. તેમાં પહેલો ઓક્સિજનનો સપ્લાય, બીજો દવાઓનો સપ્લાય, ત્રીજો વેક્સિન આપવાની પ્રક્રિયા અને પદ્ધતિ અને ચોથો લોકડાઉનનો અધિકાર ફકત રાજ્ય સરકારને હોય, કોર્ટને નહીં તે છે. આ કેસની આગળની સુનાવણી ૨૩ એપ્રિલના રોજ હાથ ધરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આ મામલે ૬ અલગ-અલગ કોર્ટે સંજ્ઞાન લીધું છે માટે 'કન્ફ્યુઝન અને ડાયવર્ઝન'ની સ્થિતિ છે. દિલ્હી, બોમ્બે, સિક્કિમ, કોલકાતા, અલાહાબાદ અને ઓડિશા આ ૬ હાઈકોર્ટમાં કોરોના સંકટ મામલે સુનાવણી ચાલી રહી છે.

## હરિયાણાની હોસ્પિટલમાંથી રસીના ૧૬૦૦ ડોઝની ચોરી

ચંદીગઢ, તા. ૨૨

કોરોનાના સંક્રમણ વચ્ચે રસીકરણ અભિયાનને વેગ આપવાની જાહેરાતો થઈ રહી છે અને બીજી તરફ કોરોનાની વેક્સીન તસ્કરોના નિશાના પર આવી ગઈ છે.

હોસ્પિટલમાંથી કોરોના વેક્સીન ચોરી થવાની બીજી ઘટના હરિયાણામાં બની છે. અહીંના જીંદ જિલ્લાની હોસ્પિટલના સ્ટોરમાં મુકવામાં આવેલા કોરોના વેકસીનના ૧૬૦૦ જેટલા ડોઝ ચોરી થઈ ગયા છે. જેમાં ૧૨૦૦ જેટલા કોવિશીલ્ડ અને ૪૦૦ જેટલા કોવેક્સીનના ડોઝ સામેલ છે.

આ ઘટનાની જાણકારી આજે સવારે નવ વાગ્યે હોસ્પિટલ સત્તાધીશોને મળી હતી. હોસ્પિટલના સ્ટોરના તાળા તુટેલા જોઈને અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. ડિપ ફ્રિજમાંથી વેક્સીન સ્ટોક ગાયબ હતો. જોકે હોસ્પિટલમાં મુકાયેલી ૫૦,૦૦૦ રુપિયાની રોકડ રકમ સુરક્ષિત છે. આ બાબતે છેવટે પોલીસને જાણ કરવામાં આવી હતી.

હવે પોલીસ મામલાની તપાસ કરી રહી છે.હોસ્પિટલ સત્તાધીસોએ કહ્યુ હતુ કે, હાલમાં હોસ્પિટલ પાસે ૧૬૦૦ જેટલા રસીના ડોઝ ઉપલબ્ધ છે પણ ગુરુવારે બપોર સુધી બંને વેક્સીનના ૧૦૦૦-૧૦૦૦ ડોઝ આવી જશે.

હોસ્પિટલમાં વેક્સીન નહીં હોવાના અહેવાલો પણ વહેતા થયા હતા. જેને હોસ્પિટલ સત્તાધીશોએ રદિયો આપ્યો હતો. અને કહ્યુ હતુ કે, પૂરતા પ્રમાણમાં વેક્સીન સ્ટોક ઉપલબ્ધ છે. દરમિયાન પોલીસે ચોરી કરનારાઓનુ પગેરુ મેળવવા માટે ફિંગર પ્રિન્ટ એક્સપર્ટનો પણ ઉપયોગ કર્યો છે.

## સીપીએમ જનરલ સેક્રેટરીના પુત્રનું કોરોનાથી અવસાન

### ૩૪ વર્ષના આશિષ યેચુરી નવી દિલ્હી ખાતેના એક ન્યૂઝ પેપરમાં કોપી એડિટર તરીકેની ફરજ બજાવતા હતા

નવી દિલ્હી,તા.૨૨

સીપીએમ જનરલ સેક્રેટરી સિતારામ યેચૂરીના મોટા પુત્ર આશિષ યેચૂરીનું ગુરુવારે સવારે કોરોનાથી નિધન થયું છે. આશિષની ગુરુગ્રામની એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી. કોરોના સંક્રમિત થાય બાદ ગુરુગ્રામની મેદાંતા હૉસ્પિટલ ખાતે તેની સારવાર ચલી રહી હતી. આ પહેલી તેમને હોલી ફેમિલી હૉસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા. જ્યાંથી અહીં ખસેડાયા હતા. પરિવારના નજીકના લોકોના જણાવ્યા પ્રમાણે આશિષની તબિયતમાં સુધારો થઈ રહ્યો હતો. જોકે, બે અઠવાડિયાની લડત બાદ ગુરુવારે વહેલી સવારે ૫ઃ૩૦ વાગ્યે તેનું કોરોનાથી નિધન થયું હતું. આશિષની ઉંમર ૩૪ વર્ષ છે અને તેઓ નવી દિલ્હી ખાતેના એક ન્યૂઝ પેપરમાં કોપી એડિટર તરીકે ફરજ બજાવતા હતા. સિતારામ યેચૂરીએ ટ્વીટ કરીને તેમના મોટા પુત્રના નિધનની માહિતી આપી હતી. હાલ તેઓ હોમ ક્વૉરન્ટીન છે. આ સાથે જ તેમણે તેમના પુત્રની સારવાર કરનાર ડૉક્ટર્સ અને નર્સિંગ સ્ટાફ સહિત મુશ્કેલ ઘડીમાં પરિવારની પડખે ઊભા રહેનારા તમામ લોકોનો આભાર માન્યો હતો. કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અને દિલ્હીના પૂર્વ મંત્રી ડૉક્ટર એ.કે. વાલિયાનું કોરોનાથી નિધન થયું છે. તેમની દિલ્હીની એપોલો હૉસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હતી. તેમને થોડા દિવસ પહેલા કોરોના સંક્રમિત થયા બાદ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ડૉક્ટર વાલિયાનું આખું નામ ડૉક્ટર અશોક કુમાર વાલિયા હતું. તેઓએ ૧૯૯૩થી કૉંગ્રેસ પાર્ટી સાથે પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. દેશમાં કોરોનાથી હાલત ખરાબ થઈ રહી છે. કોરોના વાયરસ દરરોજ નવાં નવાં રેકોર્ડ તોડી રહ્યો છે.



બુધવારે દેશમાં ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના નવા ૩ લાખ ૧૫ હજાર ૪૭૮ કેસ નોંધાયા છે. કોરોનાની શરૂઆત બાદ એક દિવસમાં નોંધાયેલા વિશ્વમાં આ સૌથી વધારે કેસ છે. આ પહેલા એક દિવસમાં સૌથી વધારે સંક્રમિતનો રેકોર્ડ અમેરિકાના નામે હતો. અમેરિકામાં આઠમી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ૩,૦૭,૫૭૦ સંક્રમિત મળ્યા હતા. હવે આ મામલે ભારત સૌથી આગળ નીકળી ગયું છે.

## કોરોનાની બીજી લહેર ૧૧થી ૧૫ મે વચ્ચે પીક પર પહોંચી શકે છે

### ભારતમાં કોરોનાની ગતિ જોતા વધુ ગંભીર સ્થિતિની આગાહી : આ દરમિયાન એક્ટિવ કેસનો આંકડો ૩૩-૩૫ લાખ પર પહોંચી જશે, આગામી સમય માટે નવી પોલિસી સાથે તૈયાર રહેવું પડશે

નવી દિલ્હી, તા. ૨૨

ભારતમાં જે ગતિથી કોરોનાના કેસ વધી રહ્યા છે તે હજુ પણ આગામી ૨૦ જેટલા દિવસો સુધી વધતા રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. વૈજ્ઞાનિકો દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે કે ભારતમાં ચાલતી કોરોના મહામારીની બીજી લહેર ૧૧થી ૧૫ મે દરમિયાન પીક પર પહોંચી શકે છે, અને આ દરમિયાન એક્ટિવ કેસનો આંકડો ૩૩-૩૫ લાખ પર પહોંચી જશે.

ફેબ્રુઆરીના મધ્યથી જે રીતે કોરોનાના નવા કેસની સામે સાજા થનારા દર્દીઓનો આંકડો નીચો રહ્યો છે તેના કારણે એક્ટિવ કેસની સંખ્યામાં મોટો વધારો થઈ રહ્યો છે. ફેબ્રુઆરીની શરુઆતમાં જે એક્ટિવ કેસ ૧ લાખની અંદર પહોંચવાની તૈયારીમાં હતા તે હાલ ૨૩ લાખની (૨૨,૯૧,૪૨૮) નજીક પહોંચી ગયા છે. એક સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે કે હજુ દેશમાં આગામી ત્રણ અઠવાડિયા જેટલો સમય એક્ટિવ કેસની સંખ્યામાં સતત વધારો થતો રહેશે. જો હાલ જે સ્થિતિ છે તે પ્રમાણે પણ આગળના સમયમાં દેખાઈ તો મેના મધ્યમાં તે પહેલી લહેર દરમિયાન ૧૭ સપ્ટેમ્બરે એક્ટિવ કેસ ૧૦ લાખ પર પહોંચ્યા હતા તેનાથી ત્રણ ગણા વધુ હશે.

જે રીતે કેસ વધી રહ્યા છે તેને જોતા આગામી સમય માટે નવી પોલિસી સાથે તૈયાર રહેવું પડશે, જેમાં મેડિકલ સપ્લાય અને સુવિધાઓ પણ વધારવી પડશે.

હાલની સ્થિતિ પ્રમાણે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને તેલંગાણા ૨૫-૩૦ એપ્રિલ દરમિયાન નવા કેસના રેકોર્ડ નોંધાવતા રહેશે. જ્યારે ઓડિશા, કર્ણાટકા અને પશ્ચિમ બંગાળમાં ૧-૫ મે દરમિયાન વધુ કેસ જોવા મળી શકે છે, જ્યારે તામિલનાડુ અને આંધ્રપ્રદેશમાં ૬થી ૧૦ મે દરમિયાન ભારે ઉછાળો જોવા મળી શકે છે. આ સિવાય મહારાષ્ટ્ર અને છત્તીસગઢ પોતાના પીક લેવલ પર પહોંચી ગયા હોય તેવી સ્થિતિ છે જ્યારે બિહાર ૨૫ એપ્રિલની આસપાસ પીક પર પહોંચી શકે છે.

આઈઆઈટી કાનપુરના મનિંદર અગ્રવાલે નેશનલ 'સુપર મૉડલ' ઈનિસ્યેટિવ મુદ્દે જણાવ્યું કે, અમારા મૉડલ પ્રમાણે નવા કેસમાં આવતા ઉછાળા પર રોજ અભ્યાસ કરવામાં આવે છે, અભ્યાસ મુજબ સંભાવના વ્યક્ત કરાઈ રહી છે કે ૧થી ૫ મે દરમિયાન રોજના ૩.૩થી ૩.૫ લાખ નવા કેસ આવી શકે છે. જેના ૧૦ દિવસ પછી એટલે કે ૧૧થી ૧૫ મે વખતે એક્ટિવ કેસનો આંકડો ૩૩-૩૫ લાખ પર પહોંચી શકે છે.

જે પ્રમાણે મધ્યપ્રદેશ, ગુજરાત, કેરળ અને ગોવામાં કેસની સંખ્યા વધી રહી છે તેમને પણ ટ્રેક કરવામાં આવશે, આ રાજ્યોને કવર કરવામાં નથી આવ્યા એટલે તેમના માટે થોડા દિવસ રાહ જોવી પડશે.

આગળ મનિંદર અગ્રવાલે જણાવ્યું કે, જે અનુમાન કરાઈ રહ્યા છે તેના આધારે જરુરી કામગીરી (હોસ્પિટલમાં પથારીઓ, આઈસીયુ, મેડિકલ માટે જરુરી ઓક્સિજન વગેરે) આગામી એક મહિનામાં કે બને તેટલું જલદી કરવાની જરુર છે. આ આગાહી ખોટી પડવાની પણ સંભાવના છે પરંતુ આ કપરા સમયમાં આ પ્રકારની આગાહીના આધારે જ તૈયારીઓ કરવી પડતી હોય છે.

## બંગાળની ચૂંટણીમાં ૩ સ્થળે બોંબથી હુમલા, એકનું મોત

નવી દિલ્હી, તા. ૨૨

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કાના મતદાન પહેલા મંગળવારે રાજ્યમાં ૩ જગ્યાએ બોમ્બ વડે હુમલો થયો હતો. મતદાન પહેલા થયેલા વિસ્ફોટોના કારણે ફરી એક વખત ભયનું વાતાવરણ સર્જાયું હતું. છઠ્ઠા તબક્કાનું મતદાન થવાનું હતું તે ક્ષેત્રોમાં જ બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. વિસ્ફોટની આ ઘટનાઓમાં એક વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

ઉત્તર ૨૪ પરગણાના ટીટાગઢ ખાતે આવેલા ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ક્રુડ બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળ નીચે દટાયેલા બે લોકોને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. તે પૈકીના ૨૮ વર્ષીય એક શખ્સનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

ઉપદ્રવીઓએ બૈરકપુર વિધાનસભા ક્ષેત્રમાં આવતા ટીટાગઢમાં જ અન્ય એક સ્થળે પણ કાચા બોમ્બ ફેંક્યા હતા. આ જગ્યા ભાજપના નેતા સંતોષ જેનાના ઘરની નજીક છે. પોલીસે બુધવારે તે વિસ્તારમાંથી બે જીવીત ક્રુડ બોમ્બ જપ્ત કર્યા હતા. આ બંને ઘટના બાદ ક્ષેત્રમાં ભારે તણાવ વ્યાપ્યો હતો. ભાટાપારા ખાતે પણ મંગળવારે મોડી રાતે બોમ્બ વિસ્ફોટની ઘટના બની હતી. આ ક્ષેત્ર ભાજપના સાંસદ અર્જુન સિંહનો ગઢ ગણાય છે. તેઓ પહેલા ટીએમસીના સદસ્ય હતા.

દુઃખદ અવસાન





અમારા નાના ભાઈશ્રી **કનુસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા** તા. ૧૭-૪-૨૦૨૧ ના રોજ અને એમના ધર્મપત્ની **ગીતાબા કનુસિંહ વાઘેલા** તા. ૨૦-૪-૨૦૨૧ ના રોજ કોરોનાની સારવાર દરમ્યાન દુઃખદ અવસાન પામ્યા છે.

આજની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બન્ને સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તા. ૨૩-૪-૨૦૨૧ ને શુક્રવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ કલાકે રાખેલ છે.

આજના સંજોગોને ધ્યાનમાં રાખીને બેસણું અને અન્ય લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

અજયસિંહ કનુસિંહ વાઘેલા (પુત્ર) મો.: ૯૮૯૮૮૯૯૩૧૮
મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા (ભત્રીજા) મો.: ૯૮૨૫૦૭૪૧૭૪
ધરમદિપસિંહ ઈન્દ્રસિંહ રાઓલ (જમાઈસા) મો.: ૯૪૨૬૩૬૨૩૭૨

લિ. શંકરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા (મોટાભાઈ) મો.: ૯૮૨૫૧૧૧૮૫૫
બલુભા લક્ષ્મણસિંહ વાઘેલા (મોટાભાઈ) મો.: ૯૯૦૯૧૮૨૦૦૭
રજુભા સરદારસિંહ વાઘેલા (કાકાશ્રી) મો.: ૯૫૭૪૪૪૪૪૩૫

તેમજ સમસ્ત વાઘેલા પરિવાર

પિયર પક્ષ : અમારા બેન અને બનેવીશ્રીનું ટેલીફોનીક બેસણું ઉપરોક્ત સમયે રાખેલ છે.
રાજેન્દ્રસિંહ મહિડા (ગામ : ધોરા, તા. ઉમરેઠ, જી. આણંદ) મો.: ૯૪૨૬૨૬૧૮૨૩

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

સરકાર માન્ય
વાછાણી COVID-19 હોસ્પિટલ
૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ
સરનામુંઃ પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
95123 55568 | 95123 55569
ઉપલબ્ધ સારવાર
૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ
વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી
સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા
કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦
નોંધઃ વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.
COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL